પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૫૮ ૧૧ માર્ચ, ૨૦૧૭, શનિવાર ; ફાગણ સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે મતગણતરી : દેશભરમાં ભારે ઉત્તેજના

## ક્યાં કોની સરકાર બનશે તે અંગે આજે ફેંસલો : એક્ઝિટ પોલના પરિણામ કેટલા સાચા રહેશે તે પણ પુરવાર થશે : બપોર સુધીમાં તમામ પ્રવાહ અને મોડી સાંજ સુધી તમામ બેઠકોના પરિણામ જાહેર થઈ જાય તેવી શક્યતા : ઉત્તરપ્રદેશ ઉપર દેશ વિદેશની નજર કેન્દ્રિત

નવી દિલ્હી,તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક છેલ્લા કેટલાક મહિનાથી રાજકીય પક્ષો અને વેપાર જગતમાં રાહ જોવામાં આવી રહી હતી તે ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આની તમામ તૈયારી તંત્ર દ્વારા કરી લેવામા આવી છે. મતગણતરીના પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યા બાદ બપોર સુધી તમામ રાજ્યોમાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. ક્યા રાજ્યમાં કોની સરકાર બનશે તે બાબત મોડી સાંજ સુધી બિલકુલ સ્પષ્ટ થઈ જશે. બપોર સુધીમાં પ્રવાહ મળી જશે. પાંચ રાજ્યોમાં ચૂંટણી મેદાનમાં રહેલા તમામ ઉમેદવારોના ભાવિનો પણ આવતીકા ફેંસલો થનાર છે. પાંચ રાજ્યો ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મણીપુર, ગોવા અને પંજાબમાં ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ હમેંશાની જેમ એગ્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા હતા. જે મુજબ



ઉત્તરપ્રદેશમાં ભાજપને લીડ મળી રહી છે. પંજાબમાં એએપીની લીડ જોવા મળી રહી છે. એગ્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદ પક્ષોની ઉત્સુકતા વધી ગઈ છે. એગ્ઝિટ પોલ મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઝંઝાવતી ચૂંટણી પ્રચાર વચ્ચે ભાજપ ઉત્તરપ્રદેશ, ગોવા, મણીપુરમાં શાનદાર દેખાવ કરી શકે છે. આ રાજ્યોમાં કમળ ખીલી શકે છે. ઉત્તરપ્રદેશમાં મોટાભાગે એક્ઝિટ પોલમાં ભાજપને સૌથી મોટી પાર્ટી તરીકે ગણાવવામાં આવી રહી છે. જ્યારે સમાજવાદી પાર્ટી બીજા નંબરની પાર્ટી તરીકે રહી શકે છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં વીએમઆર મુજબ ભાજપને ૨૦૦ બેઠકો મળી શકે છે. જ્યારે એડીપીસીડીએસ મુજબ ભાજપને ૧૭૫ બેઠક મળી શકે છે. આવી જ રીતે સી વોટર મુજબ ભાજપને ૧૬૧ બેઠકો મળી શકે છે.હાલમાં મોટાભાગના રાજ્યોમા સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે સારો દેખાવ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ભાજપમાં મુખ્યમંત્રી પદ માટે યોગી આદિત્યનાથ મોખરે



ઉત્તરપ્રદેશમાં ભાજપને એક્ઝિટ પોલમાં બહુમતી મળવાની આશા બંધાતા કાર્યકરો અને નેતાઓ જોશમાં આવી ગયા છે. નવા મુખ્યમંત્રી પદ માટે યોગી આદિત્યનાથ, કેશવપ્રસાદ મૌર્ય, મનોજસિંહાના નામો મોખરે ચર્ચાય છે.

### ઈન્ડિયન આઈસ હોકીની મહિલા ટીમે રચ્યો ઈતિહાસ

ભારતની આઈસ હોકીની મહિલા ટીમે એશિયન ચેમ્પિયનશીપ



ટૂર્નામેન્ટમાં ફિલિપીન્સને ૪.૩થી હરાવી પ્રથમવાર આંતરરાષ્ટ્રીય મેચમાં જીત મેળવી ઈતિહાસ સર્જ્યો છે.

### સાઉથ કોરિયાની કોર્ટે રાષ્ટ્રપતિને પદથી હટાવ્યા

સાઉથ કોરિયાની સુપ્રિમ કોર્ટે ભ્રષ્ટાચારના મુદ્દે રાષ્ટ્રપતિ પાર્ક ગ્યુનન્હેને પદ પરથી હટાવવાનો



હૂકમ કર્યો છે. ૧૯૮૦ના દશકમાં લોકતાંત્રિક બનેલ સાઉથ કોરિયામાં પ્રથમ વખત કાર્યકાળ પુરો થતાં પહેલા રાષ્ટ્રપતિને પદ પરથી હટાવવાની ઘટના બની છે.

### ટોલટેક્સની છ હજાર સાતસો કરોડની આવક

દેશના નેશનલ હાઈવે પર



વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન છ હજાર સાતસો કરોડની કમાણી સરકારને થઈ છે. દેશમાં કુલ ૩૯૪ ટોલપ્લાઝા છે. જેમાં ઉત્તરપ્રદેશ, આંધ્ર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને તાલીમનાડુમાંથી ટોલપ્લાઝાની આવકનો ૬૦ ટકા હિસ્સો પ્રાપ્ત થાય છે.

### સચિન બન્યો મહિલા ક્રિકેટ વર્લ્ડકપનો બ્રાન્ડ એમ્બેસેડર

આઈસીસીએ પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરને ૨૦૧૭ના મહિલા ક્રિકેટ વર્લ્ડકપના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદગી કરી છે. આ વર્લ્ડકપ ૨૪ જૂનથી ૨૪ જુલાઈ વચ્ચે ઈંગ્લેડમાં યોજાશે. પ્રથમ મેચ ઈન્ગેલન્ડ-ભારત ખેલાશે.

# અખિલેશ અને માયાવતીને નજીક લાવવા માટે પ્રયાસો

### કોંગ્રેસ અને જેડીયુ દ્વારા પ્રયાસ હાથ ધરાયા

લખનૌ,તા. ૧૦

ઉત્તરપ્રદેશમાં મતદાનની



પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ અને એગ્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદ અખિલેશ યાદવ અને બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતીએ એક સાથે લાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અખિલેશ અને માયાવતીને નજીક લાવવા માટેના પ્રયાસ કોંગ્રેસ અને જેડીયુ દ્વારા છેલ્લા કેટલાક મહિનાથી ચાલી રહ્યા હતા. જો કે હવે બહુમતિ ન મળવાનુ ચિત્ર ઉપસી રહ્યુ છે કે ત્યારે ભાજપને સત્તાથી દુર રાખવા માટે પ્રયાસ ઝડપી કરવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં ભાજપ સટ્ટાબજારમાં હોટ ફેવરીટ : ૧૯૦ બેઠકોનું અનુમાન

### સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનને ૧૨૫ થી ૧૩૦ સીટો : સટ્ટાબજારમાં કમલ બ્રાન્ડની બોલબાલા : વારાણસીમાં કેટલીક બેઠકો ઉપર કરોડોનો સટ્ટો

નવી દિલ્હી,તા. ૧૦

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી બાદએગેઝિટ પોલના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે અને સત્તાવારરીતે પરિણામ આવવા આડે પણ કલાકોનો સમય રહી ગયો છે ત્યારે હવે સટ્ટાબજારના નવા ભાવ પણ ખુલી ગયા છે. સટ્ટાબજારના નવા ભાવ મુજબ ભાજપ ઉત્તરપ્રદેશમાં હોટફેવરીટ પાર્ટી તરીકે ઉભરી રહી છે. ચૂંટણી ભલે પાંચ રાજ્યોમાં યોજાઈ છે પરંતુ દેશના તમામ લોકોની નજર હવે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પરિણામ પર કેન્દ્રિત છે. જાન્યુઆરી મહિનામાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદથી જ યુપીમાં રાજકીય દંગલની સ્થિતી રહી હતી. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજપાર્ટી અને ભાજપે તમામ તાકાત જીત મેળવી લેવા માટે લગાવી દીધી હતી. દેશના સૌથી મોટા રાજ્યનાં જીત મેળવી લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ તાકાત લગાવી દીધી હતી. દેશના જુદા જુદા

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબમાં જીતશે તો આપ અને કેજરીવાલનું કદ વધશે

### એએપી અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે

નવી દિલ્હી,તા. ૧૦

એક્ઝિટ પોલના પરિણામ સાચા સાબિત થશે અને એએપીનો પંજાબમાં જીત મળશે તો આવનારા સમયમાં



એએપીનું કદ વધી શકે છે. સાથે સાથે તેને અન્ય રાજ્યોમાં પણ વધુ કામ કરવા માટે તક મળી શકે છે. ગુરૂવારના દિવસે જારી કરવામાં આવેલા એક્ઝિટ પોલમાં પંજાબમાં એએપીને લીડ આપવામાં આવી રહી છે. પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલમાં ભારે હિમવર્ષા

### હિમવર્ષા થતા પ્રવાસી ઉમટી પડ્યા : વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પરિણામ સ્વરૂપે હજુ મધ્યમથી ભારે વરસાદ થવાની આગાહી : હિમાચલમાં તમામ ટુરીસ્ટ રિસોર્ટ ખાતે બરફની ચાદર છવાઈ

નવી દિલ્હી,તા. ૧૦

હિમાચલપ્રદેશના લોકપ્રિય



ટુરીસ્ટ રિસોર્ટ ઉપર નવેસરથી હિમવર્ષા થતા ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે સાથે સાથે લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. બીજી બાજુ જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે. આ ઉપરાંત દેશના અન્ય કેટલાક ભાગમાં વરસાદી ઝાપટા પણ પડ્યા છે.

વાતાવરણમાં એકાએક આવેલા પલટાના કારણે લોકોની સાથે સાથે હવામાન વિભાગ પણ આશ્ચર્યચકિત છે. બીજી બાજુ દિલ્હી, કોલકાતા, બેંગલોર, ચેન્નાઈ, હૈદરાબાદ સહિતના અનેક શહેરોમાં વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે. વરસાદી ઝાપટાઓ જારી રહ્યા છે. દેશભરમાં સર્જાયેલા વેધર સિસ્ટમના પરિણામ સ્વરૂપે ઉત્તર ભારતમાં ફરી એકવાર વરસાદી ઝાપટા પડ્યા છે. એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ સર્જાઈ છે. જેથી જમ્મુ-કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સિમલાથી પ્રાપ્ત અહેવાલ મુજબ લોકપ્રિય ટુરીસ્ટ રીસોર્ટ ઉપર નવેસરથી હિમવર્ષા થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સરક્યુલેશનમાં ૧૧.૭૩ લાખ કરોડની નોટો

### લોકસભામાં સરકાર તરફથી માહિતી આપવામાં આવી : ગયા વર્ષે ૩૧મી માર્ચના દિવસે સરક્યુલેશનમાં ૧૬.૪૧ લાખ કરોડની નોટ હતી જે ઘટીને હવે ૧૧.૭૩ લાખ કરોડ

નવી દિલ્હી, તા.૧૦

લોકસભામાં આજે નાણા રાજ્યમંત્રી અર્જુનરામ મેગવાલે માહિતી આપતા કહ્યું હતું કે નોટબંધી બાદ સરક્યુલેશનમાં રહેલા નોટની કુલ વેલ્યુ ઘટી ગઈ છે. નોટબંધી બાદ આ આંકડો હવે ૧૧.૭૩ લાખ કરોડ રૂપિયા નોંધાયો છે. આજે સંસદમાં આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે ૨૦૧૪ માર્ચના અંત બાદથી ૩૧મી માર્ચ ૨૦૧૬ સુધી વેલ્યુમાં સતત વધારો થઈ રહ્યો હતો. ગયા વર્ષે ૩૧મી માર્ચના આંકડા મુજબ સરક્યુલેશનમાં ૧૬.૪૧ લાખ કરોડની નોટ હતી પરંતુ હવે સરક્યુલેશનમાં રહેલી કરન્સી નોટ ૧૧.૭૩ લાખ કરોડની આસપાસની રહી છે. તેમણે કહ્યું હતું કે ચોક્કસ બેંક નોટ બંધ કરવામાં આવ્યા બાદ સરક્યુલેશનમાં નોટની સંખ્યામાં ઘટાડો થયો છે. તેમણે માહિતી આપતા કહ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં માર્ચ ૨૦૧૪ના દિવસે

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




જોઈએ છે
પ્રતિષ્ઠિત કન્સ્ટ્રક્શન કંપની માટે સ્ટાફ જોઈએ છે
(૧) ટેલી જાણકાર - મહિલા
(૨) કોમ્પ્યુટર ઓપરેટર - મહિલા
(૩) રીસેપ્શનીસ્ટ - મહિલા
(૪) પ્યુન - ભાઈ / બહેન
મંગળવારે અરજી સાથે રૂબરૂ મળો.
સમય : બપોરે ૧૧ થી ૪
હર્ષદકુમાર ભાઈલાલભાઈ એન્ડ કંપની
૩૦૯, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, ત્રીજા માળે, સેક્ટર-૧૧, ગાંધીનગર
મો. : ૯૯૨૪૧ ૯૯૯૬૩